eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 99
April 27, 2007

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

હરિ ૐ આશ્રમ પ્રેરિત સુરત મહાનગર સેવા સદન સંચાલિત ''શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા'' ની ફ્રી સ્ટાઈલ તરણ સ્પર્ધા તા.૨૫/૪/૦૭ ના રોજ સવારે ૮.૦૦ કલાકે વીર સાવરકર તરણકુંડ જોગાણી નગર, ન્યુ રાંદેર રોડ, સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વયજૂથ મળી કુલ–૬ વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ ડે. મેયર ર્ડા.સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ માળી, સ્પધાૃના પ્રણેતાશ્રી ચીમનલાલ લાપસીવાલા એ કરાવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## 'નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત કતારગામ ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

નિર્મળ ગુજરાત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન(કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જન જાગૃતિ અભિયાન તા.૨૫/૪/૦૭ ના રોજ આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ,રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી, તથા ઝોનના મ્યુ.સભ્યશ્રીઓએ, ઝોનના વડા ડે.કમિશનરશ્રી(પ.અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને ફુલપાડા વોર્ડ વિસ્તારમાં સુમુલ સર્કલ થી નિલકંઠ સોસાયટી સુધી, સુમુલ સર્કલથી વિશ્વકૃપા સલસાયટી થઈ યોગીચરણ રોડ, ઓવરબ્રીજથી નગીનાવાડી સોસાયટી થઈ મામાદેવી મંદિર થઈ કાસાનગર સર્કલ સુધીનો વિસ્તાર, ગુરૂકુળ વિદ્યાલય થી ગૌત્તમનગર ઝુપડપટ્ટી તેમજ ગૌત્તમનગર રોડ , શાંતિનગર ઝુપડપટ્ટી તેમજ ઉત્કલનગર ઝુપડપટ્ટી, પુષ્પકુંજ સોસાયટીના કન્ટેનર થી બડા ગણેશ રોડ થઈ નવી/જુની પુષ્પકુંજ સોસાયટી તેમજ શ્રી નિકેતન સોસાયટી અને મહાવીર સોસાયટી થી મશરૂવાળા રોડ થઈ ધમણવાળા સ્કુલ સુધી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## બુરહાનપુરની ટીમ સુરત મહાનગર સેવાસદનની મુલાકાત



બુરહાનપુર નગર પાલિકાના મેયર શ્રી અતુલ જી. પટેલ, ડો. ડી. એસ. શર્મા, કમિશનર નગર પાલિકા, શ્રી લક્ષ્મી નારાયણ જી. શર્મા, અધ્યક્ષશ્રી તથા બુરહાનપુર નગર પાલિકાના વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા અધિકારીશ્રીઓની ટીમ તા.૨૩–૦૪–૨૦૦૭ થી તા.૨૬–૦૪–૨૦૦૭ સુધી સુરત મહાનગર સેવાસદનની મુલાકાતે આવેલ. તા.૨૩–૦૪–૨૦૦૭નાં રોજ સુરત મહાનગર સેવાસદનના બાયો મેડીકલ વેસ્ટના નિકાલની વ્યવસ્થા ભટાર ખાતે તથા ખજોદ ડીસ્પોઝલ સાઈટની મુલાકાતે જઈ વ્યવસ્થાની માહિતી લીધી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

''નિર્મળ ગુજરાત નિર્મળ સુરત – ૨૦૦૭'' ''અભિયાન અંતર્ગત તા.૨૫/૪/૦૭ ને બુધવારના રોજ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૨ વાંકી બોરડી વિસ્તારમાં (૧) લાલગેટ ધ શેર બજાર, રાની તળાવ યુનીયન સ્કુલ (૨) પારસી શેરી, હળદીયા શેરી (૩) રાણી તળાવ ડબગરવાડ (૪) ખાટકીવાડ કન્ટેનર થી વાંકી બોરડી રોડ, માછલીપીઠ રોડ, લુહારપોળ, ખાટકીવાડની ગલી, હમ દર્દનો વિસ્તાર તથા આજુબાજુના વિસ્તારની સફાઈ ઝુંબેશ તેમજ જન જાગૃતિનો કાર્યક્રમ તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. આ અભિયાનમાં આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, ડે.ઈજનેરશ્રી જોષી, આસી,.આરોગ્ય અધિકારી ર્ડા.પી.એચ ઉમરીગર હાજર રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત ઉધના ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

''નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત''કાર્યક્રમ અંતર્ગત તા.૨૫/૪/૦૭ ના રોજ સાઉથ ઝોન (ઉધના) માં ખટોદરા વોર્ડ ઓફિસ વિસ્તારમાં તુલસીનગર,પુડાની ચાલ, સોમાકાનજીનીવાડી વિસતારની સફાઈ અભિયાનનો કાર્યક્રમ રાખવામાં અવેલ. ઉપરોકત કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી શૈલેષભાઈ જરીવાલા ઉપસ્થિત રહયા હતા. સાઉથ ઝોનના આસી. આરોગ્ય અધિકારી તેમજ ઝોનના આરોગ્ય અને ટેકનીકલ વિભાગના ૯ સુપરવાઈઝરી સ્ટાફની સીધી દેખરેખ હેઠળ ઉપરોકત કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય સેનીટેશનના ૩૨ સફાઈ કામદારો મારફત આશરે ત્રણ ટન કચરો તથા કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવી જતુંનાશક દવાઓ જેવી કે ચૂનાની ફાંક ૩૦૦ કિ.ગ્રા,મેલેથીયોમ ૫૦ કિ.ગ્રા, ડી.ડી.વી.પી.૧ લીટર નો છંટકાવ કરાવવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

હરિ ૐ આશ્રમ પ્રેરિત સુરત મહાનગર સેવા સદન સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" ની ફ્રી સ્ટાઈલ તરણ સ્પર્ધા તા.૨૫/૪/૦૭ ના રોજ સવારે ૮.૦૦ કલાકે વીર સાવરકર તરુણકુંડ જોગાણી નગર, ન્યુ રાંદેર રોડ, સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વયજૂથ મળી કુલ–૬ વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ ડે. મેયર ડૉ.સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ માળી, સ્પધાૃના પ્રણેતાશ્રી ચીમનલાલ લાપસીવાલા એ કરાવ્યો હતો. સ્પર્ધા સ્થળે મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ વાલીઓએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતાં. સ્પર્ધાના અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજયી નિવડયા હતાં.

**અ વિભાગ**

| વિજેતા ક્રમ | છોકરાઓ | છોકરીઓ |
|---|---|---|
| પ્રથમ | રાજ સંજયભાઈ ભાણવાડીયા | પલ્લવીબેન અશોકભાઈ રેતીવાલા |
| દ્વિતિય | દત્ત રામદાસ ટંડેલ | કવીન અનીક સરકાર |
| તૃતિય | કરન ધર્મેન્દ્રભાઈ સેલર | ઝીલ દક્ષેશભાઈ શાહ |
| આશ્વાસન | વ્રજ હિતેશભાઈ પચ્ચીગર | |

**બ વિભાગ**

| વિજેતા ક્રમ | છોકરાઓ | છોકરીઓ |
|---|---|---|
| પ્રથમ | કરણ નીતિનભાઈ શાહ | કૃતિકા અશોકભાઈ કહાર |
| દ્વિતિય | અક્ષિત કિશોરભાઈ પટેલ | પ્રિયંકા ધર્મેન્દ્રભાઈ સેલર |
| તૃતિય | દક્ષેશ અશોકભાઈ રેતીવાલા | કૃપા અરૂણ મીસ્ત્રી |
| આશ્વાસન | અભય અજય સકશેના | |

**ક વિભાગ**

| વિજેતા ક્રમ | છોકરાઓ | છોકરીઓ |
|---|---|---|
| પ્રથમ | જીગર સુધીરભાઈ પટેલ | પૂજા એન. ચૌઋષિ |
| દ્વિતિય | મેનિલ પ્રવીણભાઈ સુરતી | કોમલ અશોકભાઈ રેતીવાલા |
| તૃતિય | જયકુમાર વિજયભાઈ નાગર | હેલી પ્રશાંત જોષી |
| આશ્વાસન | હર્ષ જયંતિભાઈ પટેલ | |

બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને મા.મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, શ્રી ચીમનલાલ લાપસીવાલા,મ્યુ.સભ્યશ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રીમતિ વીણાબેન નાણાવટી, શ્રીમતિ મંજૂલાબેન સાવલીયાના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર વિતરણ કરાયું હતુ. સ્પર્ધામાં હાજર તમામ સ્પર્ધકોને લ્હાણી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

TOP

# 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત કતારગામ ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

નિર્મળ ગુજરાત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન(કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જન જાગૃતિ અભિયાન તા.૨૫/૪/૦૭ ના રોજ આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ,રૂણ્યાલય સમિતિના ચેરમેનશ્રી, તથા ઝોનના મ્યુ.સભ્યશ્રીઓએ, ઝોનના વડા ડે.કમિશનરશ્રી(પ.અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને ફુલપાડા વોર્ડ વિસ્તારમાં સુમુલ સર્કલ થી નિલકંઠ સોસાયટી સુધી, સુમુલ સર્કલથી વિશ્વકૃપા સલસાયટી થઈ યોગીચરણ રોડ, ઓવરબ્રીજથી નગીનાવાડી સોસાયટી થઈ મામાદેવી મંદિર થઈ કાસાનગર સર્કલ સુધીનો વિસ્તાર, ગુરૂકુળ વિદ્યાલય થી ગૌત્તમનગર ઝુપડપટ્ટી તેમજ ગૌત્તમનગર રોડ , શાંતિનગર ઝુપડપટ્ટી તેમજ ઉત્કલનગર ઝુપડપટ્ટી, પુષ્પકુંજ સોસાયટીના કન્ટેનર થી બડા ગણેશ રોડ થઈ નવી/જુની પુષ્પકુંજ સોસાયટી તેમજ શ્રી નિકેતન સોસાયટી અને મહાવીર સોસાયટી થી મશરૂવાળા રોડ થઈ ધમણવાળા સ્કુલ સુધી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારમાં ઘનિષ્ડ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહિત સફાઈ કામગીરી કરાવવામાં આવેલ. સાથે આરોગ્ય વિષયક લોકજાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ. તેમજ ફાઈલેરિયા–મેલેચિયા વિભાગ દ્વારા મેલેરિયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા લોકને માહિતગાર કરવામાં આવેલ છે.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યુંસન્સ કરતાં ૬૯ શખ્સોને નોટીસ આપેલ છે. તથા વહોવટી ચાર્જ રૂા.૨૯૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ખાણીપીણીની લારી /હોટલ કુલ–૩૯ ચેક કરવામાં આવેલ છે. તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલી/માવાના કાગળો ૧૫ કીલો ૫૦૦ ગ્રામ જપ્ત કરવામાં આવેલ છે. જંતુનાશક દવા ચુનો–૩૬૦ કી.ગ્રા અને મેલેથીઓન ૧૦૦ કિ.ગ્રાનો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઝુંબેશમાં શ્રમદાન કરેલ તે જોઈને સ્થાનિક નાગરિકો પણ સ્વયં અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ કરવામાં સહકાર આપેલ છે.

TOP

## બુરહાનપુરની ટીમ સુરત મહાનગર સેવાસદનની મુલાકાતે



બુરહાનપુર નગર પાલિકાના મેયર શ્રી અતુલ જી. પટેલ, ડો. ડી. એસ. શર્મા, કમિશનર નગર પાલિકા, શ્રી લક્ષ્મી નારાયણ જી. શર્મા, અધ્યક્ષશ્રી તથા બુરહાનપુર નગર પાલિકાના વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા અધિકારીશ્રીઓની ટીમ તા.૨૩–૦૪–૨૦૦૭ થી તા.૨૬–૦૪–૨૦૦૭ સુધી સુરત મહાનગર સેવાસદનની મુલાકાતે આવેલ.

તા.૨૩–૦૪–૨૦૦૭નાં રોજ સુરત મહાનગર સેવાસદનના બાયો મેડીકલ વેસ્ટના નિકાલની વ્યવસ્થા ભટાર ખાતે તથા ખજોદ ડીસ્પોઝલ સાઈટની મુલાકાતે જઈ વ્યવસ્થાની માહિતી લીધી હતી. ત્યાર બાદ સુરત મહાનગર સેવાસદન ધ્વારા થતી રાત્રી સફાઈ–સ્ક્રેપીંગની કામગીરી નિહાળવા સીટી લાઈટ તથા અઠવા ઝોનના જુદા જુદા વિસ્તારોમાં મુલાકાત લીધી હતી.

તા.૨૪–૦૪–૨૦૦૭નાં રોજ સવારે વિયર–કમ–કોઝવે, સરથાણા ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રાંદેર ઝોનની વોર્ડ ઓફિસો, ઈન્ડોર સ્ટેડીયમ વગેરે સ્થળોની મુલાકાત લઈ માહિતી મેળવી ભાવવિભોર થયા હતા. ત્યાર બાદ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગર સેવાસદનના જુના સ્થાયી સમિતિ ખંડમાં બુરહાનપુરની ટીમ તેમજ સુરત મહાનગર સેવાસદનના પદાધિકારીશ્રીઓ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, તેમજ અધિકારીશ્રીઓ ડે. કમિશનરશ્રી મહેશસીંઘ, ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત, ડે. કમિશનરશ્રી (હે અને હો) શ્રી આઈ. સી. પટેલ, આસી. કમિશનરશ્રી સી. વાય ભટ્ટ, આરોગ્ય અધિકારીશ્રી હેમંત દેસાઈ વગેરે સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે બુરહાનપુર નગરપાલિકાના મેયર શ્રી અતુલ પટેલે જણાવ્યું હતું કે સુરત શહેર એ ઐતિહાસીક નગરી છે. બુરહાનપુર પણ ઐતિહાસીક નગર છે. પરંતુ તેનો વિકાસ થયો નથી. સુરત શહેર લોકોના વિકાસ સાથે આર્થિક દ્રષ્ટિએ પણ વિકસીત શહેર છે. સુરતની પેટર્ન પર બુરહાનપુરનો વિકાસ કરવાની ઈચ્છા તેમણે વ્યકત કરેલ હતી. સુરતના વિકાસમાં પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ સુઝબુઝ અને ક્ષમતાનો મહત્તમ ફાળો છે. મહાનગર સેવાસદનના વિવિધ પ્રોજેકટો તથા સફાઈ કામગીરી નિહાળી તેમણે બીરદાવી હતી.

આ પ્રસંગે સુરત મહાનગર સેવાસદનના પદાધિકારીશ્રીઓએ બુરહાનપુરના નગર પાલિકાના પદાધિકારીશ્રીઓનું સ્વાગત કરેલ. સુરત મહાનગર સેવાસદન ધ્વારા પુર–પ્રલય–પુનઃસ્થાપનની સી. ડી. જોઈ સુરત મહાનગર સેવા સદન ધ્વારા કરવામાં આવેલ કામગીરીથી પ્રભાવિત થયેલ.

TOP

## 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

''નિર્મળ ગુજરાત નિર્મળ સુરત – ૨૦૦૭'' ''અભિયાન અંતર્ગત તા.૨૫/૪/૦૭ ને બુધવારના રોજ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૨ વાંકી બોરડી વિસ્તારમાં (૧) લાલગેટ ધ શેર બજાર, રાની તળાવ યુનીયન સ્કુલ (૨) પારસી શેરી, હળદીયા શેરી (૩) રાણી તળાવ ડબગરવાડ (૪) ખાટકીવાડ કન્ટેનર થી વાંકી બોરડી રોડ, માછલીપીઠ રોડ, લુહારપોળ, ખાટકીવાડની ગલી, હમ દર્દનો વિસ્તાર તથા આજુબાજુના વિસ્તારની સફાઈ ઝુંબેશ તેમજ જન જાગૃતિનો કાર્યક્રમ તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. આ અભિયાનમાં આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, ડે.ઈજનેરશ્રી જોષી, આસી,.આરોગ્ય અધિકારી ર્ડા.પી.એચ ઉમરીગર હાજર રહયા હતા. આ કામગીરી દરમ્યાન ન્યુસન્સ કરવા બદલ ૫૧ ઈસમોને નોટીસ, તેમજ ૯ ઈસમોને રૂા.૧૨૦૦.૦૦ પૈસા દંડ કરવામાં આવ્યો હતો. તેમજ ૫૫૬ ઘરોનું સર્વે કરી ૧૭ ઘરોમાં મચ્છરના ઉત્પત્તી સ્થાન શોધી ૧૭ ઈસમોને નોટીસ, તેમજ ૩૮ વ્યકિતઓની સ્લાઈડ મેળવી મેલેરીયાની ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે.તે ઉપરાંત તે વિસ્તારના ૩૨ જેટલા જાળીયાની સફાઈ કરાવવામાં આવી હતી.

TOP

# 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત ઉધના  ઝોનમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

''નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત''કાર્યક્રમ અંતર્ગત તા.૨૫/૪/૦૭ ના રોજ સાઉથ ઝોન (ઉધના) માં ખટોદરા વોર્ડ ઓફિસ વિસ્તારમાં તુલસીનગર,પુડાની ચાલ, સોમાકાનજીનીવાડી વિસતારની સફાઈ અભિયાનનો કાર્યક્રમ રાખવામાં અવેલ. ઉપરોકત કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી શૈલેષભાઈ જરીવાલા ઉપસ્થિત રહયા હતા. સાઉથ ઝોનના આસી. આરોગ્ય અધિકારી તેમજ ઝોનના આરોગ્ય અને ટેકનીકલ વિભાગના ૯ સુપરવાઈઝરી સ્ટાફની સીધી દેખરેખ હેઠળ ઉપરોકત કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય સેનીટેશનના ૩૨ સફાઈ કામદારો મારફત આશરે ત્રણ ટન કચરો તથા કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવી જતુંનાશક દવાઓ જેવી કે ચૂનાની ફાંક ૩૦૦ કિ.ગ્રા,મેલેથીયોમ ૫૦ કિ.ગ્રા, ડી.ડી.વી.પી.૧ લીટર નો છંટકાવ કરાવવામાં આવેલ છે. તેમજ રૂા. ૭૦૦/– ન્યુસન્સ કરનારા ઈસમો પાસેથી વહીવટી પરચૂરણ ખર્ચની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ વિભાગ મારફત ૮ (આઠ) લારીઓ ઉપાડવામાં આવેલ છે.

TOP

# 'નિર્મળ ગુજરાત ,નિર્મળ સુરત' કાર્યક્રમ અંતર્ગત વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તારીખ ૨૪–૦૪–૨૦૦૭ ના રોજ કુલ ૧,૩૨૭ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ)઼ઓ લેવામાં આવેલ. ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૪૦,૪૯૦ ઘરોમાંથી કુલ ૩૭૦, બ્રિડીગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૫૦, એડીસ ૨૦૭, કયુલેકસ ૨, અને મીશ્ર ૧૧, બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ /કરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૩૩, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૨૬, એડીસ ૬, કયુલેકસ ૭૨, અને મીશ્ર ૨૯, બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતુ હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કુલ ૬૦૨ ટાયરો, ૪૧ કેરબા, ૨૧ ડ્રમ, ૭૭ માટલા, ૩૫ પ્લાસ્ટીક ડબ્બા, ૦૮ માટીના વાસણો અને ૧૯૮ અન્ય કન્ટેઈનર મળી કુલ ૯૮૨ કન્ટેઈનર ઉચકી તેનો નાશ કરવામાં આવેલ છે.

જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમોને કુલ ૧૨૯, નોટીસ આપવામાં આવી તેમજ રૂા.૨,૫૦૦–૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૮૬,હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૭, જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૭૯, સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી, તેમજ ૨૪૩, બમંધકામો ચેક કરવામાં આવ્યા.

TOP